# આટલું તો આપજે ભગવંત

આટલું તો આપજે ભગવન્ ! મને છેલ્લી ઘડી;
ના રહે માયા તણાં બંધન, મને છેલ્લી ઘડી. (ટેક)

આ જિંદગી મોંઘી મળી, પણ જીવનમાં જાગ્યો નહિ;
અંત સમયે મને રહે, સાચી સમજ છેલ્લી ઘડી. આટલું૦

જ્યારે મરણશય્યા પરે, મીંચાય છેલ્લી આંખડી;
તું આપજે ત્યારે પ્રભુમય મન, મને છેલ્લી ઘડી. આટલું૦

હાથ પગ નિર્બળ બને ને, શ્વાસ છેલ્લો સંચરે;
ઓ દયાળુ ! આપજે દર્શન, મને છેલ્લી ઘડી. આટલું૦

હું જીવનભર સળગી રહ્યો, સંસારના સંતાપમાં;
તું આપજે શાંતિભરી, નિદ્રા મને છેલ્લી ઘડી. આટલું૦

અગણિત અધર્મો મેં કર્યાં, તન-મન-વચન યોગે કરી;
હે ક્ષમાસાગર ! ક્ષમા, મને આપજે છેલ્લી ઘડી. આટલું૦

અંત સમયે આવી મુજને, ના દમે ઘટ દુશ્મનો;
જાગ્રતપણે મનમાં રહે, તારું સ્મરણ છેલ્લી ઘડી. આટલું૦